પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૫૦ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૧૦-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ખડગે-થરૂર વચ્ચે ટક્કર

## કેટલીક લડાઈઓ એટલા માટે લડવામાં આવે છે, જેથી ઈતિહાસ યાદ રાખે કે વર્તમાન મૌન નહોતો : શશિ થરૂર

નવીદિલ્હી,

કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે આજે મતદાન થયું છે આ મતદાન સાંજે ૪ વાગ્યા સુધી ચાલ્યું હતું.કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મલ્લિકાર્જૂન ખડગે અને શશિ થરૂર વચ્ચે સીધો મુકાબલો છે. ચૂંટણીનું પરિણામ ૧૯મી ઓક્ટોબરે આવશે. કોંગ્રેસના નવા અધ્યક્ષ માટે આજે દેશભરમાં કોંગ્રેસ કાર્યાલયોમાં ૬૮ બૂથો પર મતદાન કરવામાં આવ્યું હતું મતગણતરી બુધવારે (૧૯ ઓક્ટોબર) થશે. પાર્ટીના લગભગ ૧૩૭ વર્ષના ઈતિહાસમાં છઠ્ઠીવાર આ રીતે અધ્યક્ષ નક્કી કરવા માટે ચૂંટણી મુકાબલો થઈ રહ્યો છે. અગાઉ વર્ષ ૧૯૯૮માં સોનિયા ગાંધી અને જિતેન્દ્ર પ્રસાદ વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં મતદાન થયું હતું.આ ચૂંટણીમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી




અને પ્રિયંકા ગાંધી વાડ્રા અધ્યક્ષ પદ માટે રેસમાં રહ્યા નથી. એટલે કે ગાંધી પરિવાર અધ્યક્ષ પદની ચૂંટણીમાંથી બહાર છે. ૨૪ વર્ષ બાદ એવું પહેલીવાર બનશે કે જ્યારે ગાંધી પરિવાર બહારની કોઈ વ્યક્તિ કોંગ્રેસના અધ્યક્ષ બનશે.

કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ચૂંટણી મેદાનમાં મલ્લિકાર્જૂન ખડગે અને શશિ થરૂર આમને સામને છે. પાર્ટીના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી અને મહાસચિવ પ્રિયંકા ગાંધીએ દિલ્હી સ્થિત કોંગ્રેસ કાર્યાલયમાં મતદાન કર્યું. કોંગ્રેસ અધ્યક્ષ પદ માટેના ઉમેદવાર મલ્લિકાર્જૂન ખડગેએ કર્ણાટકના પાટનગર બેંગ્લુરુમાં મતદાન કર્યું. બીજી બાજુ રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. ગહેલોતે એમ પણ કહ્યું કે ૧૯ ઓક્ટોબર બાદ પણ ગાંધી પરિવાર સાથે મારા સંબંધ એવા જ જળવાઈ રહેશે. રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે જયપુર કોંગ્રેસ કાર્યાલયમાં અધ્યક્ષપદ માટે પોતાનો મત આપ્યો હતો.

કર્ણાટકમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં સામેલ ડેલિગેટ્સ માટે એક કન્ટેનરમાં વિશેષ બૂથ બનાવવામાં આવ્યુ હતું બેલ્લારીમાં મત આપવા માટે ડેસિગેટ્સ સાથે રાહુલ ગાંધી લાઈનમાં ઊભા રહીને મતદાન કર્યુ હતું વોટિંગ પહેલાં શશિ થરૂર માટે

### સોનિયા અને મનમોહન સહિતના દિગ્ગજ નેતાઓએ મતદાન કર્યું, રાહુલની યાત્રામાં સામેલ ૪૦ લોકો માટે વિશેષ બૂથ બનાવાયું.

ચૂંટણીના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ એટલા માટે કરવામાં આવ્યું, કારણ કે થરૂરને રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા અને છત્તીસગઢ સહિત ઘણાં રાજ્યોમાં પોલિંગ એજન્ટો મળ્યા નથી. માનવામાં આવે છે કે થરૂરને આ રાજ્યોમાં મત મળવા મુશ્કેલ પણ છે. આ પછી પાર્ટીએ એક કાર્યકરને પોલિંગ એજન્ટ બનાવવાની લીલી ઝંડી આપી દીધી છે. કોંગ્રેસના બંધારણ મુજબ મતદાન કરનાર ડેલિગેટ્સ જ પોલિંગ એજન્ટ હોય છે.કોંગ્રેસના અધ્યક્ષપદના ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેએ પોતાનો મત આપ્યો હતો. મતદાન પહેલા શશિ થરુરે મલ્લિકાર્જુનને ફોન કરીને શુભકામના પાઠવી હતી, ખડગેએ પણ થરૂરને ગુડ લક કહ્યું હતું.મનમોહન સિંહ સહિત ૪૦ પ્રતિનિધિ કોંગ્રેસ મુખ્યાલય જઈને મતદાન કર્યું હતું કેરળના કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ-અધ્યક્ષપદના ઉમેદવાર શશિ થરુરે મતદાન કર્યું હતું.આ દરમિયાન શશિ થરૂરે એક ટ્વીટમાં લખ્યું છે કે કેટલીક લડાઈઓ અમે એટલા માટે લડીએ છીએ, જેથી ઈતિહાસ યાદ રાખે કે વર્તમાન મૌન નહોતો. મધ્યપ્રદેશના પૂર્વ સીએમ કમલનાથે ભોપાલના ઈન્દિરા ભવન ખાતે કોંગ્રેસ-અધ્યક્ષપદ માટે પોતાનો મત આપ્યો હતો.પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે દિલ્હીમાં કોંગ્રેસના કાર્યાલયે અધ્યક્ષપદ માટે પોતાનો મત આપ્યો હતો.આજે સવારે સવારે ૧૦ વાગ્યાથી મતદાન દેશભરમાં કોંગ્રેસ કાર્યાલયોમાં મતદાન શરૂ થયું હતું. કોંગ્રેસની સેન્ટ્રલ ઈલેક્શન ઓથોરિટીએ કહ્યું હતું કે ચૂંટણીમાં ૩૬ મતદાન કેન્દ્ર, ૬૭ બૂથ બનાવવામાં આવ્યા હતાં જેમાં યુપીમાં મહત્તમ ૬ બૂથ હતાં દરેક ૨૦૦ પ્રતિનિધિ માટે એક બૂથ બનાવવામાં આવ્યું હતું.

લગભગ ૧૩૭ વર્ષ જૂની કોંગ્રેસ પાર્ટીમાં છઠ્ઠીવાર થશે જ્યારે ચૂંટણી મુકાબલાથી સાબિત થશે કે પાર્ટીના આ મહત્વના પદ માટે કોણ યોગ્ય ઉમેદવાર છે. કોંગ્રેસ અધ્યક્ષની આ ચૂંટણીમાં ગાંધી પરિવારના કોઈ સભ્ય સંકળાયેલા નથી. એટલે કે પહેલાથી નક્કી છે કે આ વખતે અધ્યક્ષની કમાન ગાંધી પરિવાર બહારના વ્યકિતને મળવાની છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જયરામ રમેશે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યુ કે, આ છઠ્ઠીવાર છે જ્યારે કોંગ્રેસના ૧૩૭ વર્ષના ઈતિહાસમાં અધ્યક્ષ પદ માટે આંતરિક રૂપથી ચૂંટણી યોજાઈ રહી છે.

## CBIની ઓફિસમાં સિસોદિયા : આપ કાર્યકરોનું પ્રદર્શન નેતાઓની અટકાયત, કેજરીવાલનું ટ્વીટ-ચૂંટણી પરિણામ સુધી જેલમાં રાખશે

નવીદિલ્હી,

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાને સીબીઆઈએ લિકર કૌભાંડ મામલે પુછપરછ કરવા માટે આજે બોલાવ્યા હતાં આથી સિસોદિયા ઘરેથી નીકળ્યા ત્યારે તેમની પત્નીએ તેમને તિલક લગાવ્યું હતું. જ્યારે રેલીમાં નીકળ્યા ત્યારે શહીદીના ગીતો વગાડવામાં આવી રહ્યા હતા. આ પછી તેઓ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવા રાજઘાટ પહોંચ્યા હતા. ઘરની બહાર મોટી સંખ્યામાં પોલીસ જવાનો તહેનાત કરવામાં આવી હતી સીબીઆઈ ઓફિસ જતા પહેલા સિસોદિયા રાજઘાટ પહોંચ્યા હતા અને બાપુને નમન કર્યા હતા. બીજી તરફ તરફ સીબીઆઈ ઓફિસ બહાર આપના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતાં આથી પોલીસે આપ નેતા અટકાયત કરી હતી



સિસોદિયા પૂછપરછ માટે જવા ઘરની બહાર નીકળ્યા ત્યારે પત્નીએ તિલક લગાવ્યું હતુ અને માતાએ આશીર્વાદ આપ્યા હતા. સિસોદિયા ખુલ્લી કારમાં સમર્થકો સાથે નીકળ્યા હતા, તે દરમિયાન શહીદીના ગીતો વાગી રહ્યા હતા. સામાન્ય રીતે માર્ગ પર રેલી જેવો માહોલ જોવા મળ્યો હતો. આ દરમિયાન સિસોદિયાએ કહ્યું- મારી ધરપકડની તૈયારી છે અને હું બલિદાન આપવા માટે તૈયાર છું. પૂછપરછ મામલે સિસોદિયાએ કહ્યું હતુ કે, આ કેસ સંપૂર્ણપણે નકલી છે, પરંતુ મારા જેલમાં જવાથી ગુજરાતની ચૂંટણી પ્રચાર અટકશે નહીં. સારી શાળા, હોસ્પિટલ, નોકરી, વીજળી માટે ગુજરાતનો દરેક માણસ હવે ચૂંટણી પ્રચાર કરી રહ્યો છે. ગુજરાતમાં આવનારી ચૂંટણી એક આંદોલન બની રહેશે. સિસોદિયાએ કહ્યું હતું કે મારી વિરુદ્ધ સંપૂર્ણપણે ખોટો કેસ કરીને મારી ધરપકડ કરવાની તૈયારી કરી રહ્યા છે. આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર માટે મારે ગુજરાત જવાનો હતો.આ લોકો ગુજરાતમાં ખરાબ રીતે હારી રહ્યા છે. તેમનો હેતુ મને ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં જતા અટકાવવાનો છે.

આ દરમિયાન કેજરીવાલે પણ ટ્વીટ કરીને ભાજપ પર નિશાન સાધ્યું હતુ. કેજરીવાલે કહ્યું- ગુજરાતનું પરિણામ ૮ ડિસેમ્બરે આવશે. આ લોકો ત્યાં સુધી મનીષને જેલમાં રાખશે. જેથી મનીષ ગુજરાત ચૂંટણીમાં પ્રચાર માટે ન જઈ શકે.

સિસોદિયાની રેલી પર કટાક્ષ કરતા ભાજપે કહ્યું કે આ છઈઁનો જશ્ન-એ-ભ્રષ્ટાચાર છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું, "સિસોદિયા તેમના સમર્થકો સાથે રસ્તાઓ પર ખુલ્લી કારમાં સૂત્રોચ્ચાર કરતા એવું લાગે છે કે આપ ભ્રષ્ટાચારનો વર્લ્ડ કપ જીતી ગઈ છે."

## સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને નોટિસ જારી કરાઈ

નવીદિલ્હી,

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ બી.વી. નાગરથનાની બેંચે સ્વામીની અરજી પર તેમનો જવાબ માંગવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને નોટિસ જારી કરી છે. બેન્ચે કહ્યું, 'અમે વિચાર કરીશું. નોટિસ જારી કરો.'

ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને નોટિસ પાઠવી છે. સુબ્રમણ્યમ સ્વામીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી જેમાં બેંક લોન ફ્રોડ કેસમાં આરબીઆઈના નિયુક્ત ડિરેક્ટરની કથિત ભૂમિકાની સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી હતી.

બીજેપીના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેમાં બેંક કૌભાંડોમાં કથિત સંડોવણી બદલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ સામે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે. તેમણે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અથવા અન્ય કોઈ સક્ષમ અધિકારી દ્વારા તપાસની માંગ કરી હતી.

ગયા વર્ષે એડવોકેટ એમઆર વેંકટેશ અને એડવોકેટ સત્યપાલ સભરવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બેંક છેતરપિંડીના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, પરંતુ આરબીઆઈના કોઈપણ અધિકારી દ્વારા કોઈપણ કૌભાંડને શોધવામાં નિષ્ફળ રહેવા માટે તેમને જવાબદાર ગણવામાં આવ્યા નથી.

જસ્ટિસ બીઆર ગવઈ અને બીવી નાગરથનાની બેન્ચે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને નોટિસ જારી કરીને સ્વામીની અરજી પર તેમનો જવાબ માંગ્યો હતો. બેન્ચે કહ્યું, 'અમે વિચાર કરીશું. નોટિસ જારી કરો.'

સ્વામીએ અરજીમાં જણાવ્યું હતું કે, "આ કૌભાંડો આરબીઆઈના અધિકારીઓની સક્રિય મિલીભગતને કારણે થયા છે, જેઓ વિવિધ કાયદા હેઠળ પર્યાપ્ત સત્તા સાથે આ કૌભાંડોને રોકવામાં નિષ્ફળ રહ્યા છે." ભાજપના વરિષ્ઠ નેતાએ તેમની અરજીમાં આરોપ લગાવ્યો છે કે કિંગફિશર, બેંક ઓફ મહારાષ્ટ્ર અને યસ બેંક જેવી વિવિધ સંસ્થાઓને સંડોવતા કૌભાંડોમાં આરબીઆઈ અધિકારીઓની સંડોવણીની તપાસ કરવામાં આવી નથી. અરજીમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરબીઆઈના અધિકારીઓએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ સહિતના કાયદાઓનું સીધું ઉલ્લંઘન કરીને પ્રત્યક્ષ સક્રિય સહયોગથી કામ કર્યું છે.

## ગોધરા શહેરમાં આવેલ BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના ઉપક્રમે સ્ટુડન્ટ, સ્ટાર્ટ અપ અને ઈનોવેશન કોન્ફરન્સ યોજવામાં આવી હતી

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં આવેલ રામનગર સ્થિત બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે i-Hub તેમજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સ્ટુડન્ટ, સ્ટાર્ટ અપ અને ઈનોવેશન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય રાજય શિક્ષણ મંત્રી અન્નપૂણદિવી ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જિલ્લાની વિવિધ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને પોતાનું સ્ટાર્ટ અપ શરૂ કરીને આત્મનિર્ભર થવા ઈચ્છતા યુવાનો હાજર રહ્યા હતા. ગોધરા ધારાસભ્યશ્રી સીકે રાઉલજીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે આપણા વિસ્તારમાં આવેલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએ આજે શિખરો સર કર્યા છે, તેમાં સૌથી અગત્યનો રોલ યુવાઓનો રહ્યો છે. વિદ્યાર્થીઓ પોતાના શિક્ષણ બાદ નોકરી શોધવાની જગ્યાએ નોકરી આપતા બને તે માટે આત્મનિર્ભરતા જરૂરી છે, આ કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ યુવા ઉદ્યોગ સાહસિકો અને પોતાના સ્ટાર્ટઅપ થકી આત્મનિર્ભર બનેલા ૧૬ જેટલા યુવાનો તથા યુવતીઓનું કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણાદેવી દ્વારા મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના




અદયક્ષસ્થાનેથી અન્નપૂર્ણાદિવીએ જણાવ્યું હતું કે ગુજરાત આજે સમગ્ર દેશ માટે પથદર્શક બન્યું છે. આવનાર દિવસોમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વગુરૂ બનશે, તેમાં સૌથી અગત્યનો ફાળો યુવાઓનો હશે, ભારત દેશ મન, વિચાર અને પોતાના લક્ષ્યથી સૌથી યુવા દેશ બન્યો છે, સૌથી ઓછા સમયમાં ભારતમાં નવા સ્ટાર્ટ અપ સ્થપાયા છે, હાલમાં યુવાનો નોકરી લેતા નથી પરંતુ આપી રહ્યા છે, બીજી તરફ હાલના સમયની વિશેષ માંગ હતી કે ભારતમાં નવી રાષ્ટ્રનીતિ લાગૂ થાય જેમાં પ્રધાનમંત્રીશ્રીની આત્મનિર્ભર નીતિનો સમાવેશ થાય છે, આત્મનિર્ભર ભારત વિશ્વગુરૂ બનવા તરફ મજબૂત પગલું છે. આગામી સમયમાં ધોરણ-૬થી વ્યાવસાયિક કોર્સના ક્લાસરૂમ શરૂ કરવામાં આવશે. કોલેજ સ્તરે વિવિધ વ્યવસાયિક કોર્ષની ટ્રેનિંગ શરૂ કરવામાં આવશે અને યુવાઓને સ્વાવલંબી બનાવવામાં આવશે. ગુજરાતની વેપારી પ્રજાને કામ-ધંધો અને રોજગાર શરૂ કરવા માટે નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિ ખૂબ જ ઉપયોગી બનશે. સાથે જ નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિમાં સ્થાનિક ભાષાને પણ પ્રોત્સાહન આપવામાં આવશે, ભારતના અલગ અલગ રાજયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમ દ્વારા પડતી મુશ્કેલી નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિના માધ્યમથી દૂર કરી શકાશે.

વધુમાં કેન્દ્રીય રાજય શિક્ષણમંત્રી અન્નપૂણદિવીએ ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરની જરૂરિયાત મુજબ નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના માટે શોધ અને સંશોધન અગત્યનું છે, શોધ વિના શ્રેષ્ઠ મેળવી શકાતું નથી, વિશ્વમાં આવેલી કોરોના મહામારીમાં વિશ્વમાં ભારતનો ડંકો આવ્યો છે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે ઓછા સમયમાં બે કોરોના પ્રતિરોધક વેક્સિન તૈયાર કરી છે, અને ૧૦૦ થી વધુ દેશોમાં વેક્સિનની નિકાસ કરવામાં આવી છે.

ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિ રાષ્ટ્રના ઘડતરની સાથે સાથે વિદ્યાર્થીઓના ચરિત્ર અને વ્યકિતત્વ નિર્માણમાં પણ અગત્યનો ભાગ ભજવશે, દેશના વિવિધ મહાપુરૂષોએ શિક્ષાને મુખ્ય અંગ ગણ્યું છે, ત્યારે ચરિતાર્થ કરવાની પુનઃ આવશ્યકતા રહેલી હતી. જે નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિમાં સમાવી લેવામાં આવી છે. કેન્દ્રીય રાજ્ય શિક્ષણમંત્રી અન્નપૂણદિવીએ જણાવ્યું હતું કે નવું ભારત વિશ્વની નવી યાત્રા પર આગળ વધી રહ્યું છે. વિશ્વમાં ભારતની અર્થવ્યવસ્થા પાંચમા ક્રમાંકે પહોંચી છે, અને સૌથી ઝડપથી અર્થવ્યવસ્થાનો વિકાસ થઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં ગોધરા ધારાસભ્ય સી કે રાઉલજી, શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ, મહિલા મોરચાના ઉપપ્રમુખ કુમારી શ્રદ્ધા રાજપૂત અને જિલ્લાદયક્ષ અશ્વિનભાઈ પટેલ સહિત વિવિધ કોલેજના અદ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચોમાસા પછીનું પ્રથમ વાવાઝોડું આગામી સપ્તાહમાં બંગાળની ખાડીમાં ઉદ્ભવશે !!!

નવીદિલ્હી,

હાલમાં બંગાળની ખાડીમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાઈ તેવી શક્યતા સેવાઈ રહી છે. આ વાવાઝોડું ચોમાસાની ઋતુ બાદનું પ્રથમ વાવાઝોડું હોઈ શકે છે. અને આગામી સપ્તાહમાં લો પ્રેશર એરિયામાં ફેરવાય તેવી સંભાવના આંતરરાષ્ટ્રીય હવામાન મોડલ દવારા કરવામાં આવી છે. પરંતુ હજુ ભારતીય હવામાન વિભાગ દ્વારા આ અંગે કોઈ પુષ્ટતા કરવામાં આવી નથી. હવામાન વિભાગની માહિતી પ્રમાણે, બંગાળની ખાડીમાં ઉત્તર આંદામાન સાગર અને તેની આસપાસના વિસ્તારમાં એક લો પ્રેશર એરિયા બનવાની સંભાવના છે.

જે બાદમાં વધુ અસરકારક બનીને આગામી સપ્તાહ દરમિયાન પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ દિશા તરફ દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્રપ્રદેશ તરફ આગળ વધી શકે છે. ઉત્તર આંદામાન સાગર ઉપર બનનાર લો પ્રેશર એરિયા બાદમાં ડિપ્રેશન અને ડીપ ડિપ્રેશનમાં બદલાઈ જશે. એટલે આ વધુ અસરકારક બનીને ચક્વાતમાં બદલાઈ શકે છે.ભારતીય હવામાન વિભાગ એ આ વાવાઝોડા અંગે કોઈ પુષ્ટિ કરી નથી અને જણાવ્યું છે કે હવાની ગતિ સમયાંતરે બદલતી રહે છે જેથી હજુ વાવાઝોડું આવશે કે કેમ એ કેવું મુશ્કેલ છે અને ઓક્ટોબર ૨૦ ના રોજ બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાય તેવી પણ શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે એમ પણ જણાવ્યું હતું કે હજુ જે સર્ક્યુલેશન બંધાવવું જોઈએ તે હજુ સુધી જોવા મળ્યું નથી.

## દિવાળી પહેલાની રજાઓમાં ખરીદીનો માહોલ જામ્યો, રાજ્યના ૪ મોટા શહેરોની બજારોમાં ચિક્કાર ભીડ !

અમદાવાદ,

રાજ્યભરમાં દિવાળી પહેલાની રજાઓમાં ખરીદીનો માહોલ જામ્યો છે. રાજ્યના ૪ મોટા શહેરોની બજારોમાં રવિવારે ચિક્કાર ભીડ જામી. અમદાવાદના ઓપન મોલ લાલદરવાજા વિસ્તાર, ભદ્ર મંદિર, ત્રણ દરવાજા, ઢાલગરવાડમાં લોકો ખરીદી માટે ઉમટી પડ્યા. રાજકોટમાં પણ ધર્મેન્દ્ર રોડ, પરા બજાર, ગુંદાવાડી સહિતની બજારોમાં ભીડ જામી છે. તો સુરતની વરાછા વિસ્તારની બજારોમાં પણ ખરીદી માટે લોકો ઉમટ્યા છે. આ બાજુ વડોદરાના મંગલ બજાર, નવા બજાર, માંડવી, લહેરીપુરા, રાવપુરા, અમદાવાદી પોળ સહિતના વિસ્તારમાં કાપડ, જવેલરી, શૂઝની ખરીદી માટે લોકોની ભીડ જામી છે. ગૃહ સુશોભનની ચીજ વસ્તુઓ, બુટ-ચપ્પલ અને નવા કપડાની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા છે.

અમદાવાદના ઓપન મોલ લાલદરવાજા વિસ્તારમાં પણ ભારે ભીડ જોવા મળી. ભદ્ર મંદિર, ત્રણ દરવાજા, ઢાલગરવાડમાં ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે. દિવાળીના પર્વને ખૂબ જ ઓછા દિવસ રહ્યા છે. ત્યારે લોકો દિવાળી અને નૂતન વર્ષ ખૂબ જ ઉત્સાહ પૂર્વક મનાવવા માટે જરુરી તમામ સામાન બજારમાંથી ખરીદવા માગે છે. દિવાળી પહેલા આ શનિ-રવિની રજા હોવાથી બજારમાં રોજ કરતા પણ વધારે ભીડ જોવા મળી. કોઈ પણ વસ્તુના ભાવો લાલ દરવાજા વિસ્તારમાં પ્રમાણમાં સામાન્ય વર્ગને પરવડે તેવા હોય છે. ત્યારે સસ્તા ભાવે વસ્તુ મળતી હોવાની માન્યતાને લઈને અહીં લોકોની વધુ ભીડ જોવા મળે છે. ગૃહ સુશોભનની ચીજ વસ્તુઓ, બુટ-ચપ્પલ, કપડાની ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે.

પુષ્ય નક્ષત્રના શુભ અવસરે શુકન ની ખરીદી માટે પધારો...

શ્રીનાથજી જ્વેલર્સ

સત્ય • પ્રમાણિકતા • વિશ્વાસ

આપણી પોતાની દુકાન એટલે જ



# શ્રીનાથજી જ્વેલર્સ

(દુનિયાભરની વેરાયટી ફક્ત એક જ જગ્યાએ) 916

દરેક દાગીનાની કુલ વેરાયટી ઓર્ડર પર હોમડિલીવરી ફ્રી

એક ગ્રાહક તરીકે આપના ફાયદા હવે ઈન્શ્યોરન્સ ફ્રી મેળવો

આપ મેળવો છો સાચુ અને શુદ્ધ સોનુ • ભેળસેળથી સુરક્ષા સંપૂર્ણ સંતોષ • અમારો દાગીનો ગાળતા અને ટચ કાઢતા ૯૧.૬૦% પૂરો નીકળશે.

મનોજભાઈ એસ. શેઠ 99790 40370 | નયનભાઈ એસ. શેઠ 9825082978 | મયંકભાઈ એસ. શેઠ 9824516186 | નોટરી ભારત સરકાર રેખાબેન એસ. શેઠ (એડવોકેટ) મો. 94265 14156

ઠક્કર ખમણ હાઉસના ખાંચામાં, અદુમ્બર કુવા પાસે, સોનીવાડ, ગોધરા. ફોન :૦૨૬૭૨-૨૫૦૯૪૦,૨૪૦૩૬૯ પૂછપરછ માટે ૯૪૨૮૬ ૮૩૯૩૬

## ગુજરાતના કુખ્યાત બુટલેગર વિનોદ સિંધીની આખરે ધરપકડ

અમદાવાદ,

ગુજરાતના કુખ્યાત બુટલેગર વિનોદ સિંધીની ધરપકડ કરવામાં આવી છે. આ બુટલેગર દૂબઈથી ઝડપાયો છે. ગુજરાતમાં રાજસ્થાનથી લઈ હરિયાણાથી દારૂ સપ્લાય કરતો હતો. મહત્વનું છે કે, વિનોદ સિંધી સામે પોલીસે રેડકોર્નર નોટિસ જાહેર કરી હતી. તે સમગ્ર રાજ્યમાં કોર્પોરેટ કંપનીની જેમ દારૂનો ધંધો કરતો હતો. ગુજરાતના



ઈતિહાસમાં પહેલી વખત કોઈ બુટલેગર સામે રેડ કોર્નર નોટિસ ઈસ્યૂ કરાવી હોય તેવો આ પહેલો દાખલો હતો. વિજિલન્સે વિનોદની તપાસ હાથ ધરતા તે દુબઈ (Dubai) ભાગી ગયો હતો.

ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી દારૂનો વેપાર કરતાં વિનોદ સિંધીને પકડવા માટે વિજિલન્સની ટીમ આકાશ-પાતાળ એક કરી રહી હતી. ત્યારે એના પાસપોર્ટ નંબરની વિગત પોલીસને મળી અને ખબર પડી કે વિનોદ સિંધી ધરપકડના ડરે ભારત જ છોડીને દુબઈ જતો રહ્યો છે. એક કોર્પોરેટ કંપનીની જેમ દારૂનો વેપાર કરતા વિનોદ સિંધી અને તેના સાથીઓ જેમાં નાગદાન ગઢવી સહિતના મોટા બુટલેગરો સામેલ છે. તેની સાથે અમદાવાદના સોનુ સિયાપિયા અને અન્ય બુટલેગરો પણ સામેલ હતા.

મળતી માહિતી પ્રમાણે, ગુજરાત પોલીસના મોટા મોટા પોલીસ કર્મચારીઓ હોય કે નાનો કોન્સ્ટેબલ એ વિનોદ સિંધીના ક્યાંક સંપર્કમાં હોય છે.

# મહીસાગર જિલ્લામાં ગૌરવ યાત્રામાં ભરોસાની ભાજપ સરકારનો ગુંજયો મંત્ર

લુણાવાડા,
ગુજરાત ગૌરવ યાત્રાનું મહીસાગર જિલ્લામાં આગમન થતાં કેન્દ્રીયમંત્રીઓ રાજ્ય મંત્રીઓ સહિત ભાજપના આગેવાનોનું પુષ્પની છોળો સાથે ઠેર ઠેર ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શીંગનલીથી આ ગૌરવ યાત્રાને ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ વિશાળ બાઈકરેલી સાથે યાત્રાનું આગમન કરાવ્યું હતું અને મહિલા મોરચા દ્વારા પરંપરાગત સ્વાગત કરાયું હતું. ત્યારબાદ જિલ્લા મથક લુણાવાડા પી એન પંડયા કોલેજ ગ્રાઉન્ડ ખાતે મહાનુભાવોએ જાહેર સભા સંબોધી હતી.

ગુજરાત ગૌરવ યાત્રામાં કેન્દ્રીય મંત્રી રાજકુમાર રંજનસિંઘે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિને વંદન કરવા આવ્યો છું. કોરોના કાળમાં દુનિયાના વિકસીત દેશોએ લોકોને ભગવાન ભરોસે છોડી દીધા હતા. ત્યારે પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં વિના મૂલ્યે રસીકરણ અને વિનામૂલ્યે રાશન આપવાની વ્યવસ્થા કરી હતી. તેમણે દેશનું સુકાન સંભાળ્યું ત્યારથી નયા ભારતના વિકાસની નવી શરૂઆત થઈ છે તથા જમ્મુ-કાશ્મીરીમાંથી કલમ-૩૭૦ હટાવીને દેશના લોકોનું સપનું પુરૂ કર્યુ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણે રાજયની ડબલ એન્જીન સરકારે દરેક મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. એમ જણાવી ગૌરવ યાત્રામાં જોડાયેલા પ્રજાજનો અને તેમના અદમ્ય ઉત્સાહ પ્રત્યે આભાર વ્યક્ત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી વિકાસની મહોરને વધુ મજબૂત બનાવવા પ્રજાજનોને અપીલ કરી હતી. ગૌરવ યાત્રા પર સવાલ કરવાવાળાને કેન્દ્રીયમંત્રીએ આકરા શબ્દોમાં જવાબ આપ્યો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકારે રામ મંદિરના નિર્માણનું કાર્ય શરૂ કર્યું છે. પાવાગઢ મહાકાળી માતાના શિખરે પાંચસો વર્ષ પછી ધજા લહેરાઈ છે. ભવ્ય મંદિરો આજે ભારતના ખૂણે ખૂણે પુનઃગૌરવ પ્રાપ્ત કરી રહ્યા છે, રાષ્ટ્ર અને ધર્મ માટે કાર્ય કરતી ભાજપ સરકાર પર અમને ગૌરવ છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણે સમસ્ત મહીસાગર જિલ્લાની પ્રજા વતી ગૌરવ યાત્રાને આવકારતાં જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મળ્યો છે. તેને યાદ કરાવવાનો સંકલ્પ સાથે ગૌરવ યાત્રા પ્રજાએ ભાજપ સરકારમાં મુકેલા વિશ્વાસની યાત્રા બની છે. ભરોસાની ભાજપ સરકારનો મંત્ર ગામે ગામ ગુંજી રહ્યો છે. સાંસદ રતનસિંહ રાઠોડ અને ઉત્તરપ્રદેશના કેબિનેટ મંત્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં ગૌરવયાત્રાના વ્યાપક જનપ્રતિસાદને વધાવ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયાએ સૌનું સ્વાગત કર્યું હતું અને મહામંત્રી પ્રદીપસિંહ રાઠોડે આભાર વિધિ કરી હતી.

આ યાત્રામાં જિલ્લા પંચાયત પ્રમુખ રમિલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા પ્રભારી બાળકૃષ્ણ શુકલ, સહ પ્રભારી કૈલાસબેન, જિલ્લા અને તાલુકા, નગર મંડળના ભાજપાના હોદ્દેદારો કાર્યકરો અને વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા.

## શ્રી હરિ દિવાળીના શુભ મુર્હુત

તા.૧૮/૧૦/૨૦૨૨ મંગળવાર આસોવદ, આઠમ, પુષ્પ, નક્ષત્ર, સોનુ-ચાંદી અને ચોપડા ખરીદવા માટે ઉત્તમ શ્રેષ્ઠ દિવસ
૯.૩૧ AM થી ૧૧.૦૧ AM ચલ,
૧૧.૦૧ AM થી ૧૨.૩૧ PM લાભ,
૧૨.૩૧ PM થી ૧.૪૫ PM અમૃત,
૩.૧૧ PM થી ૪.૩૭ PM શુભ,
૭.૩૫ PM થી ૯.૦૦ PM લાભ,

**: રમા એકાદશી અને વાઘ બારસ :**
તા.૨૧/૧૦/૨૦૨૨ આસો વદ અગિયારસ- બારસ શુક્રવાર સૂર્યોદય થી સાંજે ૦૫.૨૩ PM સુધી રમા એકાદશી પછી વાઘ બારસ.
-રમા એકાદશી-
૬.૪૦ AM થી ૮.૧૦ AM ચલ
૮.૧૦ AM થી ૯.૪૦ AM લાભ
૯.૪૦ AM થી ૧૧.૧૦ AM અમૃત
-વાઘ બારસ-
તા.૨૧/૧૦/૨૦૨૨ શુક્રવાર સાંજે ૫.૨૩ PM થી તા.૨૨/૧૦/૨૦૨૨ શનિવાર સાંજે ૬.૦૩ PM સુધી વાઘ બારસ

**: ધન્વંતરી ત્રયોદશી(ધનતેરસ) :**
તા.૨૨/૧૦/૨૦૨૨ શનિવાર આસો વદ-બારસ-તેરસ સાંજે ૬.૦૩ PM થી તા.૨૩/૧૦/૨૦૨૨ રવિવાર સાંજે ૦૬.૦૪ PM સુધી ધન્વંતરી ત્રયોદશી(ધનતેરસ)
પ્રદોષ યમદીપ દાન
તા.૨૨/૧૦/૨૦૨૨ શનિવાર
૦૬.૦૭ PM થી ૭.૪૧ PM લાભ
૯.૧૫ PM થી ૧૦.૪૫ PM શુભ
૧૦.૪૫ PM થી ૧૨.૧૫ AM અમૃત
૧૨.૫૫ AM થી ૧.૫૭ AM ચલ
૦૫.૦૭ AM થી ૬.૪૧ AM લાભ

તા.૨૩/૧૦/૨૦૨૨ રવિવાર
૦૮.૦૭ AM થી ૯.૩૭ AM ચલ
૯.૩૭ AM થી ૧૧.૦૭ AM લાભ
૧૧.૦૭ AM થી ૧૨.૨૭ AM અમૃત
૦૧.૫૩ પી.એમ.થી ૩.૧૯ પી.એમ.શુભ

**: નરક ચર્તુદશી (કાલીચૌદશ) :**
તા.૨૩/૧૦/૨૦૨૨ રવિવાર આસો વદ તેરસ - ચૌદશ સાંજે ૬.૦૪ PM થી તા.૨૪/૧૦/૨૦૨૨ સોમવાર સાંજે ૦૫.૨૮ PM સુધી નરક ચર્તુદશી (કાળીચૌદશ)સાધના ઉપાસના માટે ઉત્તમ દિવસ.

**: દિવાળી :**
તા.૨૪/૧૦/૨૦૨૨ સોમવાર આસો વદ ચૌદશ- અમાસ સાંજે ૦૫.૨૮ PM થી દિવાળી, ધનલક્ષ્મી, શારદા, ચોપડા પૂજન
૦૫.૨૮ PM થી ૦૬.૦૫ PM અમૃત
૦૬.૦૫ PM થી ૦૭.૩૯ PM થી ચલ
૧૦.૪૭ PM થી ૧૨.૨૧ AM લાભ
૦૧.૫૫ AM થી ૩.૨૫ AM શુભ
૦૩.૨૫ AM થી ૪.૫૫ AM અમૃત
નોંધ : તા.૨૫/૧૦/૨૦૨૨ને મંગળવાર સુર્યગ્રહણ છે. ગ્રહણ પુણ્યકાળ ગ્રહણ સ્પર્શ થી સુર્યાત સુધી. ગ્રહણવેધ તા.૨૪/૧૦/૨૦૨૨ ના રાત્રે ૨૮:૪૯ થી તા.૨૬/૧૦/૨૦૨૨ના સુર્યાદય સુધી.
રાશિફળ શુભફળ : વૃષભ, સિંહ, ધનુ, મકર,
મિશ્રફળ : કુંભ, મેષ, મિથુન, કન્યા,
અશુભ ફળ : મીન, કર્ક, તુલા, વૃશ્ચિક

**: નુતન વર્ષારંભ :**
તા.૨૬/૧૦/૨૦૨૨ને બુધવાર બપોરે ૨.૪૩ PM સુધી નુતન વર્ષારંભ ગોવર્ધન પૂજા અસકુટ
કારતક સુદ ૧/૨ને બુધવાર ૨.૪૩ સુધી એકમ છે, ત્યારબાદ બીજ શરૂ થાય છે. માટે આ દિવસે બેસતુ વર્ષ અને ભાઈબીજ સાથે મનાવાની રહેશે.
(વિક્રમ સંવત ૨૦૭૯નો પ્રારંભ)
હોરા મુર્હુત
૦૭.૩૮ થી ૦૮.૩૪ ચંદ્રહોરા
૦૯.૩૧ થી ૧૦.૨૮ ગુરૂહોરા
૧૪.૧૬ થી ૧૪.૪૨ ચંદ્રહોરા
દુકાન -પેઢી ખોલવાનું ચોઘડીયા મુર્હુત
૦૬.૪૧ થી ૦૮.૦૬ લાભ
૦૮.૦૬ થી ૦૯.૩૧ અમૃત
૧૦.૫૭ થી ૧૨.૨૧ શુભ
વિજય મુર્હુત ૧૪.૧૬ થી ૧૪.૪૨
અભિજીત મુર્હુત નથી.

**: ભાઈબીજ:**
તા.૨૬/૧૦/૨૦૨૨ બુધવાર કારતક સુદ એકમ- બીજ બપોરે ૨.૪૩ થી (રાહુ કાળ સમય ૧૨.૨૨ થી ૧૩.૪૭માં કોઈ શુભ કાર્ય કરવુ નહિ)

**: લાભ પાંચમ દાન પંચમી :**
(પંચમીનો ક્ષય છે.)
તા.૨૯/૧૦/૨૦૨૨ કારતક સુદ ચોથા/પાંચમને શનિવાર સવારે ૦૮.૧૩ સુધી ચોથ ત્યારબાદ પાંચમ)
-હોરા મુર્હુત-
૦૮.૧૪ થી ૦૮.૩૫ ગુરૂહોરા (૦૮.૧૩ સુધી ચોથ)
૧૨.૫૫ થી ૧૩.૧૮ ચંદ્રહોરા
-દુકાન-પેઢી ખોલવાનુ ચોઘડીયા મુર્હુત-
૦૮.૧૪ થી ૦૯.૩૧ લાભ (૦૮.૧૩ સુધી ચોથ)
૧૨.૨૨ થી ૧૬.૩૭ ચલ, લાભ, અમૃત,
અભિજીત મુર્હુત ૧૧.૫૯ થી ૧૨.૪૪
વિજય મુર્હુત ૧૪.૧૫ થી ૧૫.૦૧
(રાહુકાળ ૦૯.૩૨ થી ૧૦.૫૭ના સમયમાં કોઈ શુભકાર્ય કરવું નહિ)

-: આચાર્યશ્રી કમલ ત્રિવેદી :-
સાહિત્ય સંસ્કૃત, (એમ.એ.):- મોબાઈલ નં. ૯૭૧૨૭૮૯૫૮૦
શ્રી રંગ જયોતિષ (આપેલ મુર્હત અમદાવાદ-ગુજરાત પ્રમાણે છે.)

## મહીસાગર જિલ્લાના ઝાલાસાગ ગામે પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કરાયું



મહીસાગર,
મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ઝાલાસાગ ગામે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિત પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કરાયું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે,કોરોના મહામારીમાં સૌથી વધુ નુકસાન શિક્ષણ વિભાગને થયું છે.ઝાલાસાગ ગામમાં ધોરણ ૧૦ માં ૫૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને તેમને બેસવા માટે કોઈ જગ્યાના હોવાથી તે માટે વિદ્યાર્થીઓને વૈકલ્પિક વ્યવસ્થાને રૂપે પંચવટી વિકાસ કેન્દ્રમાં બેસાડવામાં આવે જેથી તેઓ સરળતાથી તેઓનો અભ્યાસ કરી શકે અને આવનારા સમયમાં બાળકો માટે ગામમાં સ્કૂલની બિલ્ડીંગ બનાવવામાં આવશે.અને વિદ્યાર્થીઓ ભણી ગણીને આગળ વધે તેવી શુભકામનાઓ આપી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન ઝાલાસાગ ગામના સરપંચ રણછોડભાઈએ કરી અને આભાર વિધિ નાયબ વન સરક્ષક ગોધરા એ કરી હતી.

આ પ્રસંગે નાયબ વન સરક્ષક નેવીલ ચૌધરી,પ્રાંત અધિકારી સંતરામપુર કૌશિક જાદવ, નાયબ વન સરક્ષક ગોધરા, જિલ્લા શિક્ષણ અધિકારી પી એન મોદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી બારીયા, સરપંચ રણછોડભાઈ, સહિત ગ્રામજનો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા ખાતે આયુષ્યમાન કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
મહીસાગર જિલ્લાના આયુષ્યમાંન કાર્ડ વિતરણ કાર્યક્રમ બેતાળીસ સમાજઘર, લુણાવાડા ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતમાં યોજાયો.

આયુષ્યમાન કાર્ડ દ્વારા કુટુંબદીઠ વાર્ષિક રૂ.પાંચ લાખની નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે અને રાજ્યની ૨૭૩૯ હોસ્પિટલમાં દર્દીઓને ૨,૭૧૧ પ્રકારની સર્જરી, તપાસ અને પ્રોસીજરનો લાભ આયુષ્યમાન કાર્ડ દ્વારા આપવામાં આવે છે.

આ પ્રસંગે કલેકટર ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, આરોગ્ય અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ-ઈન્દોર-અમદાવાદ હાઈવે પર કપાસ ભરેલી ટ્રકમાં આગ લાગતાં ચાલક ટ્રક છોડી ફરાર

દાહોદ,
દાહોદ તાલુકાના જેકોટ પાસે રોઝમ ગામે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર કપાસ ભરેલી ચાલુ ટ્રકમાં આગ લાગવાની ઘટના બની હતી. જાણવા મળ્યા અનુસાર ટ્રકનો ચાલક સળગતી ટ્રક મૂકી ઘટના સરળતાથી ફરાર થઈ ગયો હતો.

આજરોજ વહેલી સવારે દાહોદના જેકોટ નજીક રોઝમ ગામે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે રોડ ઉપર ગોધરા તરફથી મધ્યપ્રદેશ જઈ રહેલી કપાસ ભરેલી ચાલુ ટ્રકમા આગ લાગતા અફરાતફરી નો માહોલ સર્જાયો હતો. વહેલી સવારે બનેલી આ ઘટનામાં ટ્રકમાં આગ લાગતા ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબૂ ગુમાવતા સળગતી ટ્રકને જેકોટ હાઈવે ઉપર રોડની સાઈડમા બનાવેલ પિકઅપ સ્ટેન્ડમા ઘુસાડી, ટ્રકનો ચાલક સળગતી ટ્રક મૂકીને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ ઘટનામા ટ્રકનો માલસામાન બળી ને ખાખ થઈ ગયો હતો. જ્યારે ઘટનામા કોઈ જાનહાની થવા પામી નથી.

આ ઘટનાની જાણ દાહોદ ફાયર બ્રિગેડ ને કરતા ફાયર બ્રિગેડ ની ટીમ ઘટના સ્થળે આવી પહોચી હતી અને પાણીનો મારો ચલાવી ટ્રકમા લાગેલી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આ ઘટના બનતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુર પાલિકાન સફાઈ કામદારો કચરો જાહેરમાં સળગાવતા ધુમાડાના પ્રદુષણથી લોકો પરેશાન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં કામદારોની મનમાની સંતરામપુર નગરના લુણાવાડા રોડ સવારે વહેલી અલગ અલગ વિસ્તારોમાં સફાઈ કરવા માટે આવતા હોય છે. સફાઈ કર્યા પછી નિયમ મુજબ જાહેરમાં કચરો સળગાવવામાં આવતો નથી. તેમ છતાં નિયમમાં વિરૂદ્ધ જઈને સફાઈ કામદાર પોતાની મનમાની ચલાવીને સ્થાનિક રહીશોના ઘર આંગણે કચરો ભેગો કરીને સળગાવતા હોય છે. સવારે વહેલી પરોઢમાં છ વાગે સફાઈ કામદાર આજુબાજુથી ઘરના આંગણે પાસેથી કચરો ભેગો કરીને લઈ જવાના બદલે કોઈ પણ જાતની વાત સંભળા વગર પોતાની મનમાની ચલાવીને પ્લાસ્ટિક અને અન્ય ચીજ વસ્તુઓનો કચરો સળગાવીને ધુમાડો ફેલાવતા હોય છે. જેના કારણે આજુબાજુના રહેતા રહીશોને મુશ્કેલી ઉઠાવવી પડતી હોય છે. પ્લાસ્ટિક સળગાવવાથી પ્રદુષણ ફેલાતું હોય છે અને આરોગ્ય માટે હનીકારક હોય છે, તેમ છતાં સફાઈ કામદાર કોઈની વાત સાંભળતી નથી. સવારે લોકોનો ઉઠતા પહેલા કચરો ભેગો કરીને સળગાવીને જતી રહે છે અને નિયમ મુજબ વિસ્તાર વાઈઝ કચરો ભેગો કરીને અહીંયા થી લઈ જવાના હોય છે, પરંતુ જાહેરમાં આવી રીતે અલગ અલગ વિસ્તારોમાં કચરો સળગાવી દેવામાં આવે છે. નગરપાલિકા દ્વારા હાલમાં ગુજરાત સરકારના ગ્રાન્ડ માંથી આશરે ૨૫ લાખ રૂપિયા ખર્ચીને નવા કન્ટેનરો અને રેકડીઓ દરેક સફાઈ કામદારોની આપવામાં આવેલી છે. તેમ છતાં તેનો ઉપયોગ કરવાના બદલે જાહેરમાં પ્લાસ્ટિકનો કચરો સળગાવતા હોય છે. આ બાબતની સ્થાનિક રહીશો પણ વારંવાર રજૂઆત કરી શકાય સાંભળવામાં આવતું જ નથી. આ પરિસ્થિતિ છેલ્લા એક વર્ષથી થઈ રહેલી છે, પરંતુ નગરપાલિકા તરફથી સફાઈ કામદાર પર કોઈ સૂચના કે કાર્યવાહી કરવામાં આવતી જ નથી. જાહેરમાં કચરો સળગાવીને આરોગ્ય માટે ગંભીર પ્રશ્નો ઉભો થયેલો છે. સફાઈ કામદારને કચરો ના લઈ જવું પડે તે માટે બબ્બે ઘરો છોડીને દરેક જગ્યાએ કચરો સળગાવી મૂકે છે.

## વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ ઉપલક્ષ્માં આદર્શ આચારસંહિતાની પૂર્વ તૈયારી તથા ચૂંટણી ખર્ચ નિરીક્ષણ અંગે તાલીમ યોજાઈ




મહિસાગર,
વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ ઉપલક્ષ્માં આદર્શ આચારસંહિતાની પૂર્વ તૈયારી તથા ચૂંટણી ખર્ચ નિરીક્ષણ અંગે અનુક્રમે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી.ઠાકોર તથા જિલ્લા વિકાસ અધિકારી કે.ડી લાખાણીના અદયક્ષ સ્થાને જિલ્લા પંચાયત મહીસાગર ખાતે બેઠકો યોજાઈ હતી.

આ બેઠકોમાં ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ શા માટે છે ? ચૂંટણી ખર્ચ માટેની કાનૂની જોગવાઈઓ ? ઉમેદવાર દીઠ તાલીમ ખર્ચ, ખર્ચ નિરીક્ષણ માટેનું માળખું તથા આચાર સંહિતાની પૂર્વ તૈયારીઓ અંગે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી અને જરૂર પડ્યે નોડલ અધિકારી દ્વારા તમામ સહાયક નોડલોને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. બેઠકમાં પ્રાયોજના વહીવટદાર, પ્રાંત અધિકારી સર્વઓ, તાલુકા અધિકારી ઓ તથા તમામ મદદનીશ નોડલ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## દાહોદ માંથી પસાર થતાં જેકોટ-રેટીયા- બોરડી વચ્ચે ટ્રેનની અડફેટે બે અલગ અલગ સ્થળે મહિલા અને પુરુષનું મોત

દાહોદ,
દાહોદમાંથી પસાર થતાં જેકોટ-રેટીયા-બોરડી રેલ્વે સ્ટેશન પર ટ્રેનની અડફેટે અલગ અલગ સમયે એક મહિલા અને એક પુરૂષ મળી બે જણા આવી જતાં બંન્નેના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૫મી ઓક્ટોમ્બરના રોજ વહેલી સવારના ૬ વાગ્યાના આસપાસ દાહોદમાંથી પસાર થતાં જેકોટ રેટી। રેલ્વે સ્ટેશનની વચ્ચે ડાઉન રેલ્વે લાઈન પાસે કોઈ ટ્રેનમાંથી અજાણ્યો એક પેસેન્જર પુરૂષ પડી જતાં તેમને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક રેલ્વે અધિકારીઓ સહિત કર્મચારીઓને થતાં તેઓ પણ ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને મૃત પુરૂષના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ માટે મોકલી આપવામાં આવ્યાં હતો. આ સંબંધે રેલ્વે પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી અજાણ્યા મૃતક પુરૂષના વાલી વારસની શોધખોળ આરંભી છે.

બીજો બનાવ બોરડી-દાહોદ રેલ્વે સ્ટેશન વચ્ચે અપ લાઈન ઉપર બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૦મી ઓક્ટોમ્બરના રોજ એક ટ્રેનની અડફેટમાં એક અજાણી મહિલા આવી જતાં મહિલાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક રેલ્વે પોલીસને કરવામાં આવતાં રેલ્વે પોલીસ પણ ઘટના સ્થળે દોડી દોડી ગઈ હતી અને ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે નજીકની સરકારી દવાખાને ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. મહિલાની હાલત ગંભીર હોવાને કારણે મહિલાને વધુ સારવાર માટે વડોદરાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા.

## ગરબાડાના નેલસૂર ગામે પ્રા.શાળાને તસ્કરોએ નિશાન બનાવી ૧૦ હજાર મત્તાની ચોરી કરી

દાહોદ,
દાહોદ જિલ્લામાં વધુ એક પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવતા ચકચારમાંથી જવા પામી છે. ત્યારે વધુ એક બનાવમાં ગરબાડા તાલુકાના નેલસૂર ગામે એક પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી પ્રાથમિક શાળામાંથી અનાજનો જથ્થો કિંમત રૂપિયા ૧૦,૮૫૦/- નો ચોરી કરી લઈ નાસી જતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ગત તારીખ ૧૧મી ઓક્ટોબરના રોજ નેલસૂર ગામે આવેલ ઘાટી ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં રાત્રિના કોઈપણ સમયે અજાણ્યા તસ્કરોએ પ્રાથમિક શાળાને નિશાન બનાવી મધ્યાન ભોજનના રૂમનું તાળું તોડી તસ્કરોએ પ્રવેશ કર્યો હતો અને મધ્યાન ભોજન રૂમમાં મૂકી રાખેલ ખાદ્યતેલના ચાર ડબ્બા, ઘઉં ચોખા તુવેર દાળ અને ચણાના કટ્ટા મળી કુલ રૂપિયા ૧૦,૮૫૦/- નો અનાજનો જથ્થો ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે દાહોદ શહેરમાં સહકાર નગર ખાતે રહેતા અને પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા જીગ્નેશકુમાર દિતાભાઈ રોઝ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ લાભદાયક રહેશે. જો તમે શેરમાં સમજદારીપૂર્વક રોકાણ કરો છો તો તમે અનુકૂળ લાભ મેળવી શકશો. આ સાંજથી રાત સુધી વાહનોના ઉપયોગમાં સાવચેત રહો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફળદાયી રહેશે. તમારા પ્રયત્નો અને બુદ્ધિથી તમે કામ પૂરા કરશો. લાંબા અંતરની મુસાફરીની તક મળશે. વેપારમાં નફો વધશે, આવકના સ્ત્રોત વધશે.

મિથુન : આજે વ્યવહારની દ્રષ્ટિએ એક મહત્વપૂર્ણ ડીલ તમારી તરફેણમાં નિર્ણાયક બની શકે છે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો. અટકેલું કામ પણ પૂર્ણ થશે.

કર્ક : આજનો દિવસ થોડો મૂંઝવણભર્યો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તેમની વ્યસ્તતા વધશે. વેપારમાં નફા માટે વેપારીઓએ વધુ મહેનત કરવી પડશે. નોકરી શોધનારાઓએ આજે સંયમ અને સમજદારીથી કામ કરવું પડશે.

સિંહ : આજનો દિવસ સિંહ રાશિના લોકો માટે મૂંઝવણભર્યો રહી શકે છે. માતાના સ્વાસ્થ્યની ચિંતા થઈ શકે છે, તેમની સંભાળ રાખો. નવી નોકરી અથવા ડીલ કરવા માટે ઉતાવળ ના કરો.

કન્યા : આજે અચાનક બાળકોના દુ:ખને કારણે મન પરેશાન થઈ શકે છે. તમારે કાર્યસ્થળ પર દિવસભર દોડવું પડી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

તુલા : આજનો દિવસ મિશ્ર ફળદાયી છે. જોકે, બપોરે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિની શક્યતાઓ છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. જીવનસાથીનો સહયોગ અને સહકાર તમને આજે વિશેષ સન્માન અને લાભો આપશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે ખાસ શુભ છે. આજે વરિષ્ઠ લોકો પણ તમારી વાત સાંભળશે. તમામ જરૂરી કામ સરળતાથી થશે. તે પણ શક્ય છે કે તમારું કામ જે છેલ્લા ઘણા મહિનાઓથી અટકેલું છે તે શરૂ થઈ શકે છે અથવા કામ પૂર્ણ થઈ શકે છે.

ધનુ : ધન રાશિના લોકો માટે આજનો દિવસ સારો રહેશે. પારિવારિક સમસ્યાઓ ઉકેલવાથી તમે રાહત અનુભવશો. સાંજનો સમય તમારા માટે વધુ અનુકૂળ રહેશે, મનમાં ખુશી રહેશે અને ધનલાભની તક પણ રહેશે.

મકર : આજે વિશેષ સંપત્તિ અને આવકના સાધનોમાં વધારો થવાની સંભાવના છે. આજે પ્રતિષ્ઠિત લોકો સાથે સંપર્કો થશે. વિદેશી બાબતોમાં પ્રગતિની સંભાવના છે. આજે વેપાર ક્ષેત્રે સાનુકૂળ લાભ મળવાનો આનંદ રહેશે.

કુંભ : આર્થિક બાબતોમાં આજે સંયમથી કામ લો, તમારે ખરીદી પણ સાવધાનીપૂર્વક કરવી જોઈએ. તમારે ટૂંકા ગાળાના રોકાણો અથવા ટૂંકા ગાળાના માલ ખરીદવાનું ટાળવું જોઈએ.

મીન : આજનો દિવસ તમારા માટે પ્રમાણમાં શુભ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. એટલું જ નહીં, આજે તમારો આર્થિક પક્ષ મજબૂત બને છે અને સંપત્તિ, આદર, ખ્યાતિ વધે છે. કોઈ અટકેલું કામ પૂરું થશે. રાજકારણ સાથે જોડાયેલા લોકોને પ્રગતિની વિશેષ તકો મળશે.

# દાહોદના સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં ભૂલકા મેળો યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પા પા પગલીમાં પહેલું ડગ માંડનાર નાના ભૂલકાઓને રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત અભ્યાસક્રમ પ્રમાણે પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પહેલું ભાથું મળે એ માટે દાહોદના સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે ભૂલકા મેળો આઈસીડીએસ વિભાગ દ્વારા યોજાયો હતો. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં નાના ભૂલકાઓએ ગીત–સંગીત–નૃત્ય–ચિત્ર વગેરેની મનમોહક રજૂઆત કરી હતી. દંડક કટારાએ રાજ્ય સરકાર દ્વારા બાળકોને કુપોષણને દૂર કરી સુપોષિત કરવા માટેની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર આંગણવાડીના બાળકો સુપોષિત બને તે માટે સઘન પ્રયાસરત છે અને વિવિધ યોજનાઓ યોગ્ય રીતે લાગુ કરી છે. ત્યારે માવતર પણ બાળકોને નિયમિત રીતે આંગણવાડીમાં મોકલે એ ઈચ્છનીય છે. આંગણવાડીમાં બાળકો નિયમિત રીતે આવશે તો તેમનો સર્વાંગી વિકાસ થશે. તેઓ શારિરીક માનસિક સ્વાસ્થ કેળવશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આંગણવાડી કાર્યકતા બહેનો બાળકો માટે માતા યશોદાની ભૂમિકા યોગ્ય રીતે નિભાવી રહી છે. બાળકોને ગરમ, સુપોષિત આહારથી લઈને તમામ બાબતોની કાળજી તેઓ રાખે છે. માવતર જે વિશ્વાસ સાથે બાળકને આંગણવાડીમાં મુકે છે. ત્યારે તેનો યોગ્ય વિકાસ થાય, તેને યોગ્ય પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે એ માટે આંગણવાડી કાર્યકતા બહેનોએ ખાસ જહેમત લઈને તેના પર ખરા ઉતરવાનું છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ જણાવ્યું કે, માતા બાળકને જન્મ આપે છે પરંતુ આંગણવાડી કાર્યકતા બહેનો જે રીતે બાળકોની કાળજી રાખે છે, તે જોતા તેઓ ખરા અર્થમાં માતા યશોદા છે. આંગણવાડીમાં આવતું કોઈ પણ બાળક કુપોષિત ન રહે એ માટે ખાસ તકેદારી રાખવાની છે. રાજ્ય સરકાર દ્વારા બાળક સુપોષિત બને એ માટે દૂધ સંજીવની સહિતની અનેક યોજનાઓ લાગુ કરવામાં આવી છે. બાળકોને આ યોજનાઓનો લાભ મળી રહે અને બાળક સુપોષિત થાય, તેનો શારીરિક માનસિક વિકાસ થાય એ લક્ષ સાથે આજનો કાર્યક્રમ યોજાયો છે, એમ ઉમેરતા તેમણે આજના કાર્યક્રમમાં પા પા પગલીમાં પ્રવેશ લીધેલા બાળકોએ રજૂ કરેલી વિવિધ કૃતિઓની પ્રશંસા કરી હતી.

પા પા પગલીના બાળકોના ભૂલકા મેળામાં ગીત–સંગીત–નૃત્ય–વાર્તાકથન–વેશભૂષા સહિતની પ્રવૃત્તિઓમાં બાળકોએ ઉમંગભેર ભાગ લીધો હતો અને આ મેળાને મન ભરીને માળ્યો હતો. મહાનુભાવોએ બાળકોને પ્રોત્સાહિત પણ કર્યા હતા. આ પ્રસંગે આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરીએ ભૂલકા મેળાનો ઉદ્દેશ જણાવીને તેને યોગ્ય રીતે અમલમાં લાવવા આંગણવાડી કાર્યકતાઓને જણાવ્યું હતું. મંચ સંચાલન અધિકારી ડો. કમલેશ ગોસાઈએ કર્યુ હતું.

આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પંચાયતની મહિલા અને બાળ વિકાસ કમિટિના ચેરમેન પીનલબેન, જિલ્લા પંચાયતના સભ્યઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુરભાઈ સહિતના અધિકારીઓ તેમજ રેલ્વેના અધિકારી જગંદબા પ્રસાદ ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજ્યમાં ૫૦ લાખ લાભાર્થી નાગરિકોને આયુષ્યમાન કાર્ડ વિતરણ અંતર્ગત દાહોદ ખાતે કાર્યક્રમ યોજાયો



દાહોદ,

રાજ્યમાં ૫૦ લાખ લાભાર્થી નાગરિકોને આયુષ્યમાંન કાર્ડ વિતરણ અંતર્ગત આજે દાહોદ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાગરિકોને આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરાયું હતું. તદ્દઉપરાંત આજે આઠ તાલુકાઓમાં અને ૧૨૦ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો છે. જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા આગામી તા. ૨૧ સુધીમાં એટલે કે ચાર દિવસમાં ૧.૪૧ લાખ લોકોને નવા પીવીસી આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવાનું આયોજન કરાયું છે.

જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ જીથરાભાઈ ડામોરે જણાવ્યુ કે, સમગ્ર દેશમાં અત્યારે આયુષ્યમાન ભારત યોજના લાખો લોકો માટે આરોગ્ય કવચ બની રહી છે. અચાનક આવી પડેલી મોટી બીમારીમાં સામાન્ય માણસ માટે દવાનો ખર્ચ મોટી સમસ્યા બનતી અને ઘણી વખત દેવાના ચક્રવ્યૂહમાં ફસાઈ જતા હોય છે. ત્યારે આયુષ્યમાન કાર્ડ ગરીબ પરિવાર માટે મોટા આર્શીવાદ સમાન છે. આ કાર્ડ થકી કોઈ પણ ગરીબ પરિવાર પાંચ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક સારવાર મેળવી શકે છે. આ સારવારનો લાભ ફકત સરકારી જ નહીં ખાનગી હોસ્પિટલમાં પણ લાભ મેળવી શકાય છે. તેમાંજ નાગરિકો દેશમાં પણ કોઈ પણ જગ્યાએ આ કાર્ડનો લાભ લઈ શકે છે.

આ વેળા લાભાર્થી નાગરિકોને મહાનુભાવોએ મંચ ઉપરથી પીવીસી આયુષ્યમાન કાર્ડનું વિતરણ કર્યું હતું. આ નિમિત્તે પ્રધાનમંત્રીની વરચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ લોકોએ રસપૂર્વક નિહાળ્યું હતું.

આ વેળાએ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, અગ્રણી પર્વતભાઈ ડામોર, સુધીરભાઈ લાલપુરવાલા, રમણભાઈ, એપીએમસી ચેરમેન કનૈયાલાલ, નગરપાલિકા દંડક શ્રદ્ધાબેન સહિતના પદાધિકારીઓ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ચંદ્રકાંત પટેલ સહિતના અધિકારીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ મામલતદાર દ્વારા સેવા સદન રોડ ઉપર ગેરકાયદેસર દબાણો દુર કરાયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના સેવાસદન જતા રસ્તા પર દાહોદ મામલતદાર દ્વારા સ્થાનિક પોલીસને સાથે રાખી વિસ્તારમાં આવેલ ગેરકાયદે દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી.

દાહોદ શહેરમાં આમ તો ઘણા બધા વિસ્તારોમાં ગેરકાયદે દબાણ કર્તાઓ જોવા મળી રહ્યા છે. જેમાં મકાન હોય દુકાન હોય કે ગમે તેવા જાહેર સ્થળો પર દબાણ કરતાઓ પોતાની મનમાની પૂર્વક ગેરકાયદે દબાણ કરી લેતા હોય છે. ત્યારે ભૂતકાળમાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દાહોદ નગરમાં આવા દબાણ કરતાં સામે લાલ આંખ કરી હતી અને ગેરકાયદે દબાણ પાડી નાખવામાં આવ્યા હતા. ત્યારે આજરોજ ફરીવાર દાહોદ મામલતદાર દ્વારા બી ડિવિઝન પોલીસને સાથે રાખી દાહોદ શહેરમાંથી પસાર થતા સેવાસદન જતા રસ્તા પર કેટલાક ગેરકાયદે દબાણોનો સફાયો બોલાવ્યો હતો. ગેરકાયદે દબાણો ઉપર મામલતદાર અને પોલીસની કાર્યવાહીને પગલે ગેરકાયદે દબાણ કરતાઓમાં ફફડાટ પણ ફેલાઈ જવા પામ્યો હતો.

# દાહોદ પાલિકાના કર્મચારીઓ પડતર માંગણીને લઈ હડતાલ ઉપર ઉતરી ચીફ ઓફિસરને આવેદન આપ્યું

દાહોદ,

દાહોદ નગર પાલિકાના કર્મચારી મંડળ દ્વારા સરકાર સમક્ષ પોતાની વિવિદ પડતર માંગણીઓ સંદર્ભે રજુઆતો કરી હતી, પરંતુ તેઓની પડતર માંગણી ન સંતોષાતા અને સરકારની અન્યાયકારી નિતીઓ સામે વિરોધ દર્શાવી દાહોદ નગરપાલિકા કર્મચારી મંડળના કર્મચારીઓ દ્વારા તારીખ ૧૫મી ઓક્ટોમ્બર ૨૦૨૨ના રોજથી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતરી ગયાં હતાં અને કામકાજથી અળગા રહેવાનો નિર્ણય કર્યો હતો. આ મામલે દાહોદ નગરપાલિકા કર્મચારી મંડળ દ્વારા દાહોદ નગર પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી જાણ પણ કરી હતી.

દાહોદ નગર પાલિકાના કર્મચારી મંડળ દ્વારા દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસરને સંબોધતું એક આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, નગરપાલિકાના કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવી હતી પરંતુ સરકાર દ્વારા કર્મચારીઓના પગાર ભથ્થાની પડતર માંગણીઓ તેમજ અન્ય લઆભો આપવામાં આવ્યાં ન હોવાના આક્ષેપો કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યાં છે. વધુમાં કર્મચારીઓના જણાવ્યાં અનુસાર, સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય કરવામાં આવેલ નથી. જેથી સરકારની અન્યાયકારી નીતિઓથી નારાજ થઈ અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ, ગુજરાત દ્વારા નગરપાલિકાઓના કર્મચારીઓને સરકારના કર્મચારીઓને મળતા પગાર ભથ્થા વિગેરે ૨૦ લાભો મળે તે માટે મંડળ દ્વારા અસહકાર આંદોલન કરવામાં આવેલ જેમાં નગરપાલિકા કર્મચારીઓ દ્વારા ટેકો પણ જાહેર કર્યો છે અને તારીખ ૧૫મી ઓક્ટોમ્બર ૨૦૨૨ના રોજથી સફાઈ, ગટર, પાણી તથા નગરપાલિકાની અન્ય તમામ સેવાઓથી અચોક્કસ મુદત માટે કર્મચારીઓ દુર રહ્યાં છે. આગામી સમયમાં ઉદ્‌ભવનાર પરિસ્થિતીની સમગ્ર જવાબદારી સરકારની રહેશે તેમ પણ દાહોદ નગરપાલિકા કર્મચારી મંડળ દ્વારા જણાવ્યું હતું.

# દે.બારીયા નગરમાં રસ્તા, પેવર બ્લોક સહિત વિકાસના કામો પુરજોશમાં

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા નગરમાં છેલ્લા ઘણા સમયથી વિવિધ વિકાસના કામો રોકેટ ગતીએ ચાલી રહ્યા છે. દેવગઢ બારીયાના નગરમાં વિકાસના કામોની હારમાળા અને વધુમાં વધુ કામો કરવાની કાર્યદક્ષતા નગરપાલિકા પ્રમુખ ડોક્ટર ચાર્મી નીલ સોનીના નેતૃત્વમા ચાલી રહી છે. દે.બારીયા નગરએ ઐતિહાસિક રાજા રજવાડાનું નગર છે. આ નગરને પંચમહાલનું પેરિસ તરીકે ઓળખવામાં આવતુ હતું. આ નગરને ફરીથી પંચમહાલનું પેરિસ તરીકે વિકસાવવામાં બે વારથી પ્રમુખ બનેલા ડોક્ટર ચાર્મી નીલ સોનીના નેતૃત્વમાં ઈતિહાસમાં નગરપાલિકામાં સૌથી વધુ કામગીરીનો રેકોર્ડ સ્થાપવામાં આપવામાં આવ્યો છે.

દેવગઢ બારીયાના નગરના હાલ ચાલી રહેલા કામોની વાત કરીએ તો દેવગઢ બારીયા નગરમા કાપડી કબ્રસ્તાન ૪૫ લાખ રૂપિયાના ખર્ચે નવુ રીનોવેશન થનાર છે જ્યારે બળીયા બાપજી મંદીર પાસે હિન્દુ નાના બાળકોનું સ્મશાન દશ લાખ રૂપિયાના ખર્ચે જેની બાઉન્ડ્રી વોલનું કામગીરી ચાલી રહી છે. જ્યારે દેવગઢ બારીયા નગરના ધર્મશાળા વિસ્તારમાં જુની રબર ફેક્ટ્રી વિસ્તારમા પાનમ નદીથી ખોસ ફળીયા વિસ્તારમાં સાકડી શેરી અને વાવડીશેરી રોડ, સુથારવાડા રીસરફેસિંગ કામગીરી પુર્ણ કરવામાં આવી છે. જ્યારે દેવગઢ બારીયા નગરના પૌરાણિક રણછોડજી મંદીરમાં અવર જવર કરવાનો વર્ષો જુનો રસ્તો અને મંદીરની આસપાસના પેવર બ્લોકનું કામગીરી પણ ૧૬ લાખના ખર્ચે ચાલી રહી છે. જ્યારે લાઈટની વાત કરીએ તો નગરના વિવિધ છુટા છવાયા વિસ્તારમાં સોલર એલઈડી સ્ટ્રીટ લાઈટ અને સ્ટેશનરી ધાનપુર રોડ રાણા શેરી ખોખા બજાર રેલવે ચાલી સિવિલ હોસ્પીટલ રોડ વાકલેશ્વર રોડ વગેરે વિસ્તારમાં નવીન સ્ટ્રીટ લાઈટના થાંભલા ઉભા કરવાની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે.

# ફતેપુરા તાલુકામાં રાજ્યમાં ૫૦ લાખ લાભાર્થી નાગરિકોને આયુષ્યમાન કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા


ફતેપુરા,

રાજ્યમાં ૫૦ લાખ લાભાર્થી નાગરિકોને આયુષ્યમાન કાર્ડ વિતરણ અંતર્ગત કાર્યક્રમ આજે ફતેપુરા ખાતે વિધાનસભાના દંડક અને ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારાના અદયક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં નાગરિકોને આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરાયું હતું. તદ્દઉપરાંત આજે આઠ તાલુકાઓમાં અને ૧૨૦ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો છે. જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા આગામી તા.૨૧ સુધીમાં એટલે કે ચાર દિવસમાં ૧.૪૧ લાખ લોકોને નવા પીવીસી આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવાનું આયોજન કરાયું છે.

આ પ્રસંગે વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા એ જણાવ્યુ કે, સમગ્ર દેશમાં અત્યારે આયુષ્યમાન ભારત યોજના લાખો લોકો માટે આરોગ્ય કવચ બની રહી છે. અચાનક આવી પડેલી મોટી બીમારીમાં સામાન્ય માણસ માટે દવાનો ખર્ચ મોટી સમસ્યા બનતી અને ઘણી વખત દેવાના ચક્રવ્યૂહમાં ફસાઈ જતા હોય છે. ત્યારે આયુષ્યમાન કાર્ડ ગરીબ પરિવાર માટે મોટા આર્શીવાદ સમાન છે. આ કાર્ડ થકી કોઈ પણ ગરીબ પરિવાર પાંચ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક સારવાર મેળવી શકે છે. આ સારવારનો લાભ ફક્ત સરકારી જ નહીં ખાનગી હોસ્પિટલમાં પણ લાભ મેળવી શકાય છે. તેમાંજ નાગરિકો દેશમાં પણ કોઈ પણ જગ્યાએ આ કાર્ડનો લાભ લઈ શકે છે.

આ વેળા લાભાર્થી નાગરિકોને મહાનુભાવોએ મંચ ઉપરથી પીવીસી આયુષ્યમાન કાર્ડનું વિતરણ કર્યું હતું. આ નિમિત્તે પ્રધાનમંત્રીની વરચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ લોકોએ રસપૂર્વકો નિહાળ્યું હતું.

# દાહોદ જિલ્લાના ૬૦ યુવાનોને લશ્કરી ભરતી પૂર્વેની તાલીમ અપાઈ



દાહોદ,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી હેઠળની દાહોદ જીલ્લા રોજગાર કચેરી દ્વારા દાહોદ જીલ્લાના ઉમેદવારો આગામી લશ્કરી (અગ્નીવીર) ભરતીમા સારો દેખાવ કરી શકે તે માટે ૬૦ તાલીમાર્થીને ૩૦ દિવસની વિના મુલ્યે નિવાસી તાલીમ આપવામા આવી. આ તાલીમમા દાહોદ જીલ્લાના અગ્નીવીર અને પોલીસ ભરતીમા જવા ઈચ્છતા ઉમેદવારોની પ્રી સ્ક્રુટીની કરીને પસંદગી પામેલ ૬૦ તાલીમાર્થીઓને તા ૧૫.૦૯.૨૦૨૨ થી ૧૪.૧૦.૨૨૨ દરમિયાન ૩૦ દિવસ સુધિ ૨૪૦ કલાકની શારીરિક અને બૌદ્ધિક–લેખીત પરીક્ષાની તૈયારી માટે નિવાસી તાલીમ યોજવામા આવેલ છે.

તાલીમમાં તજજ્ઞ પીટી એક્સ સર્વીસમેન દ્વારા દરરોજ બે કલાકની દોડ, પુલ અપસ અને લાંબા કુદકાની તાલીમ આપવામા આવી. તેમજ તજજ્ઞ ફેકલ્ટી દ્વારા ગણીત, વિજ્ઞાન, જનરલ નોલેજ, અંગ્રેજી, કોમ્પ્યુટર વિષયની થીયરી કલાસ તાલીમ આપવામા આવી, તાલીમમા રહેવા તથા જમવાની તમામ સુવિધા રોજગાર કચેરી દ્વારા કરવામા આવી હતી. ૩૦ દિવસની તાલીમ મેળવેલ ઉમેદવારોના પુર્ણાહુતી કાર્યક્રમ ગત તા.૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલીમમાં સફળતા પુર્વક તાલીમ મેળવેલ ઉમેદવારોને વિના મુલ્યે પરીક્ષાલક્ષી સાહીત્ય અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. તાલીમમાં ૮૦% હાજરી ધરાવતા ઉમેદવારોને દૈનિક ૧૦૦/–લેખે સ્ટાઈપન્ડ તેમના બેંક ખાતામા ચૂકવવામા આવશે. કાર્યક્રમમાં રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ દ્વારા તાલીમાર્થીને આગામી લશ્કરી (અગ્નીવીર) ભરતીમાં સારો દેખાવ કરી સફળ થવા તેમજ અન્ય રોજગારી તકો મેળવવા તાલીમનો સારો ઉપયોગ કરવા તેમજ દાહોદ જીલ્લાનુ નામ રોશન કરવા શુભેચ્છાઓ પાઠવી તેમજ જ્યાં સુધી રોજગારી ન મળે ત્યા સુધી રોજગાર કચેરીના સંપર્કમા રહેવા તેમજ ગુજરાત સરકારના અનુબંધમ પોર્ટલ અને ભારત સરકારના નેશનલ કેરીઅર સેન્ટરના એનસીએસ પોર્ટલનો નોકરી શોધવા તેમજ ઘેર બેઠા માર્ગદર્શન લેવા હેલ્પલાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦નો સંપર્ક કરવા માર્ગદર્શન આપવામા આવ્યુ.

# દે.બારીયા ગામે શુભ પ્રસંગે ગરબા રમતા વણઝારા સમાજના આગેવાનનું હાર્ટ એકેટથી મોત



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા નગરમાં એક શુભ પ્રસંગે ગરબા રમી રહેલ સમાજના અગ્રણીનું ચાલુ કરવામાં હૃદય રોગના હુમલાથી મોત નીપજતા પંથકમાં તેમજ સમાજના લોકોમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયુવેગે ફેલાતા સ્તભતા મચી જવા પામી હતી.

ગતરોજ દેવગઢ બારીયા નગરમાં રાત્રિના સમયે વણઝારા સમાજમાં એક શુભ પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના લોકો હાજર હતા. તેમજ આ શુભ પ્રસંગે ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વણઝારા સમાજના અગ્રણી એવા રમેશભાઈ જીતાભાઈ વણઝારા અને તેમની સાથે અન્ય એક વ્યક્તિ મળી બંને જણા ગરબા રમી રહ્યા હતા. તેવામાં અચાનક ગરબા રમતા રમતા રમેશભાઈ થાકી ગયા હતા અને ગરબા રમતા રમતા બહાર નીકળવા જતા અચાનક તેઓ બેભાન અવસ્થામાં જમીન પર ઢસડી પડ્યા હતા. જેને પગલે પ્રસંગમાં હાજર લોકો દોડી આવ્યા હતા અને રમેશભાઈને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જતા ત્યાં તબીબો એ રમેશભાઈને મૃત જાહેર કરતા અને હૃદય હુમલાના કારણે તેઓનું મોત નીપજ્યાનું સામે આવતા પરિવારજનોમાં તેમજ સમાજના લોકોમાં આઘાત પ્રસરી જવા પામ્યો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સ્તભતા સાથે ચકચાર મચી જવા પામી હતી.

# દાહોદ અંધજન કલ્યાણ મંડળ ખાતે પોસ્કો કાયદાની જાગૃતિ સેમિનાર યોજાયો




દાહોદ,

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાહોદ દ્વારા તા.૧૬/૧૦/૨૦૨૨ ને રવિવારના રોજ બપોરના ૩ થી ૬ વાગ્યા સુધી અંધજન કલ્યાણ મંડળ મન્ડાવાવ રોડ, દાહોદ ખાતે સમગ્ર જિલ્લામાં પોકસોના કાયદાની જાગૃતિ આવે તે હેતુસર એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

આ સેમિનારનું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ કમલ એમ. સોજીત્રા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

ઉપરોકત સેમિનારમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અદયક્ષ અને નામદાર હાઈકોર્ટ જજ સોનિયાબેન ગોકાણી તેમજ દાહોદ જિલ્લાના વહીવટી હાઈકોર્ટ જજ ગીતા ગોપી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવ રાહુલ એ. ત્રિવેદીએ હાજર રહી પોસ્કો એક્ટ સંદર્ભે સામાન્ય પ્રજાને સમજાય તે રીતે સંવાદ કરેલ.

ઉપરોકત જાગૃતિ અભિયાનમાં જિલ્લા વહીવટી તંત્ર માંથી જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી તેમજ ASP બાંગરવા પણ હાજર રહેલ તેમજ જિલ્લા ન્યાયતંત્રના સિનિયર તેમજ જુનિયર જજીસ તેમજ બાર એસોશીએસનના પ્રમુખ અને સિનિયર વકિલ પણ હાજર રહેલ. આ જાગૃતિ અભિયાન ખાસ કરીને જિલ્લામા તેમજ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં Pocso એક્ટ ની ખરા અર્થમાં જાગૃતિ થાય તે માટે આંગણવાડી વર્કર, તેડાગર, CRC co-ordinator ને જોડવામાં આવેલ અને તેઓના માધ્યમથી Pocso એક્ટની જાગૃતિ છેવાડાના માણસ સુધી કંઈ રીતે પહોંચી શકે તેનું ચિંતન કરવામાં આવેલ. POCSO કાયદાની વધુમાં વધુ જાગૃતિ કેવી રીતે ૧૮ વર્ષથી નીચેના બાળકોમાં લાવી શકાય તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવેલ. વધુમાં Pocso એક્ટનો ગુનો બન્યા પછી ભોગ બનનાર અને તેના માતા–પિતા કેવી વેદના અનુભવે છે. તે સંબધે અસ્મિતા ગૃપ દાહોદ દ્વારા એક ડ્રામા કરવામાં આવેલ. સેમિનાર દરમિયાન ૧ થી ૫ વર્ષના બાળકનું જાતીય શોષણ કઈ રીતે થાય છે અને તેની સામે કાયદાકીય ઉપચાર શું છે અને મદદ મેળવવા માટે કઈ એજન્સીનો સંપર્ક સાધી શકાય તે હેતુથી કોમલ નામની કાર્ટૂન મૂવી બતાવવામાં આવેલ. આ જાગૃતિ અભિયાનની હકારાત્મક અસર શ્રોતાઓમાં જોવા મળેલ હતી.

# ઝાલોદ ડેપોના મીકેનીકલ ઉપર થયેલ હુમલામાં કાર્યવાહીની માંગ સાથે ડેપો મેનેજરને આવેદન આપ્યું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ ડેપોના મીકેનીકલ સ્ટાફ ઉપર ૨૮ સપ્ટેમ્બરના રોજ થયેલ હુમલાના વિરોધમાં ડેપો મેનેજરને આવેદન આપી બે–ત્રણ દિવસમાં કાર્યવાહી કરવામાં ન આવે તો હડતાલ ઉપર જવાની ચિમકી ઉચ્ચારવામાં આવી.

ઝાલોદ ડેપોની એસ.ટી.બસને ૨૮ સપ્ટેમ્બરના રોજ રાજકોટ વડાપ્રધાનના કાર્યક્રમ માટે શીડયુલ ઉપર થી ઉતારીને નવા વાહનો ફાળવવામાં આવ્યા હતા. ઝાલોદ ડેપોમાં ફરજ બજાવતા ડ્રાયવર વિનોદભાઈ વસૈયાની ઝાલો–રાજકોટ રૂટ ઉપર ફરજ હતી. જેને લઈ મારું વાહન કેમ ઉતારી તેમ કહી મીકેનીકલ સ્ટાફના ઈલેક્ટ્રીશીયન આર.વી.કિશોરીને ગાળો આપી તેમજ વી.આર.ડીંડોરને ગાળો આપી થપ્પડ મારી વર્કશોપમાં પડેલ લોખંડના વસ્તુનો ઘા કરી હતા. આ બાબતે ડેપોમેનેજરને જાણ કરાઈ હતી. તેમ છતાં કાર્યવાહી નહિ કરવામાં આવતાં ઝાલોદ ડેપોના મીકેનીકલ સ્ટાફ દ્વારા ડેપો મેનેજરને આવેદન આપી કાર્યવાહીની માંગ કરી જો કાર્યવાહી ન થાય તો હડતાલ ઉપર જવાની ચિમકી ઉચ્ચારવામાં આવી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.50

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર




# શહેરા ખાતે ગુજરાત ગૌરવ યાત્રામાં ૨૦ ઉપરાંત લોકો કોંગ્રેસ છોડી BJPમાં જોડાયા

## જાહેર સભામાં ઉપસ્થિત લોકોને દેવી-દેવતાઓને માણું છું. તેવા શપથ લેવડાવ્યા

શહેરા,

શહેરામાં ગુજરાત ગૌરવ યાત્રાનું ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જાહેર સભામાં ઉપસ્થિત સૌને દેવી–દેવતાઓને ઈશ્વર માનું છું. તેવા શપથ લેવડાવવામાં આવ્યા હતા. જયારે ૨૦ થી વધુ લોકો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા.

શહેરામાં ભાજપની ગૌરવ યાત્રા પ્રવેશતા ભાજપ અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ગૌરવ યાત્રા અંતર્ગત રાખવામાં આવેલી જાહેર સભામાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન, દેવુશી ચૌહાણ અને પ્રભારી મંત્રી અર્જુનસિંહ, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, માજી ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણનું વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

જેઠાભાઈ ભરવાડ, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, તાલુકા ભાજપ મહામંત્રી સંજય બારીયા સહિત ભાજપ અગ્રણીઓ દ્વારા પુષ્પગુચ્છ તેમજ સાફો પહેરાવીને તલવાર આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે ગૌરવ યાત્રામાં ઉપસ્થિત સૌને દેવી દેવતાઓને માનીએ છીએ, તેવા શપથ લેવડાવવામાં આવ્યા હતા. અહીં ઉપસ્થિત કેન્દ્ર મંત્રીના હસ્તે કોંગ્રેસ પાર્ટીને રામરામ કરીને ૨૦થી વધુ લોકો ભાજપનો કેસરિયો ધારણ કર્યો હતો. સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ એ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરવા સાથે ચૂંટણી આવી છે. ત્યારે કેટલીક પાર્ટીઓ માત્ર ચૂંટણી આવે ત્યારે આવી છે. લોકોના સમાજમાં સુખ દુઃખના ભાગીદાર થવું નથી. વર્તમાન સરકારની સામે પાયા વિહોના આક્ષેપ કરતા હોય છે. ગૌરવ યાત્રામાં ભાજપ જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠક, ભુપતસિંહ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય ભારતીબેન પટેલ, ડો. કિરણસિંહ બારીયા, ભદ્રસિંહ ઠાકોર, હસમુખ ભાઈ વણકર, પી.ડી.સોલંકી, પ્રફુલભાઈ વણકર તેમજ નગરપાલિકા અને તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત તાલુકાના જિલ્લા પંચાયતના સદસ્યો, ભાજપ કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં વિધાનસભા વિસ્તાર માંથી લોકો જોડાયા હતા.

# વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગોધરા ખાતે ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

ગોધરા ,

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ નજીકના સમયમાં યોજાનાર છે. ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી અને પંચમહાલ કલેક્ટર સુજલ મયાત્રાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર સજ્જબની રહ્યું છે. ગોધરા સ્થિત બી.આર.જી.એફ હોલ ખાતે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા અને જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયાની ઉપસ્થિતીમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી તટસ્થ, મુક્ત અને ન્યાયી માહોલમાં યોજાય તે માટેનું સઘન આયોજન કરી ચૂંટણીલક્ષી કામગીરીમાં નિમાયેલા અધિકારીઓ અને



કર્મચારીઓ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરીથી માહિતગાર કરવાના ભાગરૂપે તાલીમ યોજાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિતોને પ્રેઝન્ટેશનના રૂપે વિવિધ ચૂંટણીલક્ષી માહિતી અપાઈ હતી. જેમાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ અન્વયે નિમણૂંક આપેલ ફ્લાઈંગ સ્કવોડ ટીમ, સ્ટેટિંક સર્વેલન્સ ટીમ, વિડીયો સર્વેલન્સ ટીમ, વિડીયો નિરીક્ષક ટીમ, એકાઉન્ટિંગ ટીમ, મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ ટીમ સહિતની કામગીરી અંગે માહિતી અપાઈ હતી. આ તાલીમ કાર્યક્રમમાં ચૂંટણીલક્ષી કામગીરીમાં નિમાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને આદર્શ આચારસંહિતાનું ચુસ્ત અમલીકરણ, ખર્ચ નિયંત્રણ અને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા અંગે તાલીમ આપી સજ્જ કરાયા હતા. આ પ્રસંગે જિલ્લાના વિવિધ અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હાથ ઊંચો કરો અને બસમાં બેસો અને રસ્તામાં બગડે તો નીચે ઉતરી ધક્કા મારો



ગોધરા,

ડબલ એન્જીન વાળી સરકારના ધજાગરા હાથ ઊંચો કરો અને બસમાં બેસો અને રસ્તામાં બગડે તો બસ માંથી ઉતરીને ધક્કા મારો બસ માંથી ઉતરી મુસાફરો ધક્કા મારતા દ્રશ્યો કેમેરામાં કેદ થયા. ગોધરા–વડોદરા હાઈવે ઉપર હિંમતનગર–નવસારી બસ જેનો નં. GJ-18-Z-5736 કાલોલ બસ સ્ટેન્ડ થી નીકળી નવસારી તરફ જતા કાલોલ તાલુકા પંચાયત આગળ બસના અંદર કોઈ ટેક્નિકલ ખામીના કારણે બસના પૈડાં થંભી ગયા હતા. જેથી મુસાફરો અને બસ ડ્રાયવર, કંડકટરને મુશ્કેલીઓ વેઠવી પડી હતી. જેથી ગાડી સ્ટાર્ટ ન થતા બસ માંથી મુસાફરોને ઉતારી ધક્કા મારી ચાલુ કરવામાં આવી હતી. ત્યારે બસ ઉપર ડબલ એન્જીન સરકાર સપના સાકારના જાહેરાતના મોટા મોટા પોસ્ટર લગાવેલ હોવાથી ડબલ એન્જીનના ધજાગરા જોવા મળ્યા. જેથી એસ.ટી. તંત્ર નિયમિત બસની સર્વિસ ન કરતા હોય જેના કારણે સરકાર બદનામ થતી હોય છે અને ડ્રાયવર મુસાફરોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી એસ.ટી. તંત્ર દ્વારા તમામ એસ.ટી. બસોની નિયમિત સમયસર સર્વિસ કરવામાં આવે તે જરૂરી બન્યું છે અને ત્યારે જ કેહવાય એસ.ટી. બસની મુસાફરી અને મુસાફરોની સલામત સવારી.

# પાવાગઢ ફાયરિંગ બટ પર જવાનો ૧ નવેમ્બર થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ સુધી કરશે ફાયરિંગ પ્રેક્ટિસ

ગોધરા,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ–ગોધરા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તા.૦૧/૧૧/૨૦૨૨ થી તા.૩૦/૧૨/૨૦૨૨ (બન્ને દિવસો સહિત) સેનાપતિ, રાજય અનામત પોલીસ દળ જુથ ૫, ગોધરાના યુનિટો માટે તથા રાજયના અન્ય પોલીસ દળો તથા મીલેટ્રી, એન.સી.સી., એરફોર્સ, એસ.આર.પી, યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવાનું અને સદર જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સ દાખલ થવું નહિ તેમ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા એ.એસ.આઈ કે તેથી ઉપલા દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાના ભંગ કરનાર સામે ઈ.પી.કો. કલમ–૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવશે તેવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ગોધરા-દાહોદ હાઈવે લાડપુર પાસે પીકઅપ અને બાઈક વચ્ચે અકસ્માતમાં માતા-પુત્ર અને ભત્રીજાના મોત નિપજ્યા



ગોધરા,

ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર લાડપુર પાસે બાઈક અને પીકઅપ વચ્ચે અકસ્માત થતાં બાઈક ઉપર સવાર બે યુવકો અને મહિલાનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર લાડપુર ગામ પાસે બાઈક અને પીકઅપ વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં ભામૈયા (પૂર્વ) ગામના બે યુવકોના ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યા હતા. જ્યારે બાઈક ઉપર સવાર મહિલાને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે વડોદરા ખસેડતા રસ્તામાં મોત નિપજાવા પામ્યું હતું. ભામૈયા (પૂર્વ) ગામના માતા–પુત્ર અને ભત્રીજો ગોધરા કામ અર્થે ખાવી પરત ફરતા હતા. દરમિયાન અકસ્માતમાં મોતની ઘટનાને લઈ ગામમાં માતમ છવાઈ જવા પામ્યો છે. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દાહોદ ખાતે કિસાન સમ્મેલન યોજાયું : ૩૫૦ થી વધુ ખેડૂતો સહભાગી થયા

દાહોદ,

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્મેલન આજે મુવાલીયા કેમ્પસ ખાતે યોજાવામાં આવ્યુ હતું. ડો. એચ. એલ. કાચા, વરીષ્ઠ વૈજ્ઞાનિક અને વડા દ્વારા કાર્યક્રમમાં હાજર મહાનુભાવોનું શાબ્દીક તેમજ પુષ્પગુચ્છ સ્વાગત કરવમાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમનું ઉદ્દઘાટન મુખ્ય મહેમાનો કનૈયાભાઈ કિશોરી, ચેરમેન, એ.પી.એમ.સી., દાહોદ અને વિજયભાઈ પરમાર, પ્રતિનિધિ, તાલુકા પ્રમુખ, દાહોદ દ્વારા કરવામાં આવ્યુ હતું. તેમજ તેમના દ્વારા રાજ્ય સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓ વિશે ખેડુતોને સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય કૃષિ મંત્રાલય દ્વારા આઈઆઈઆરઆઈ, નવી દિલ્હી ખાતેથી દેશ વ્યાપી લાઇવ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. જેમા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના ખેડૂતોને કિશાન સન્માન નિધ્ધિ યોજના હેઠળ ૧૬૦૦૦ કરોડ રૂપિયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા સાથે સાથે કૃષિમાં સ્ટાર્ટ અપ અંગેની સંભાવનાઓ તેમજ દેશમાં ૬૦૦ પ્રધાનમંત્રી કિસાન સમૃધ્ધિ કેન્દ્રો પણ ખુલા મૂકવામાં આવ્યા હતા. જેમાનું એક કેન્દ્ર દાહોદ જીલ્લાના એ.પી.એમ.સી. ખાતે સ્થાનિક પ્રતિનિધ્ધિઓ દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યુ હતું. વધુમાં કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા કૃષિ ક્ષેત્રે ભારત સરકારની વિવિધ યોજનાઓ વિષે ખેડૂત ભાઈઓને વર્ચુઅલ માધ્યમથી માહિતગાર કર્યા હતા. વિશેષમાં ખાતર અને રસાયણ મંત્રી, મનસુખભાઈ માંડવિયાએ ઘક્ષય ગફશિંજ્ઞક્ષ ઘક્ષય Fertilizer યોજનાથી ખેડૂતોને લાભો અને નેનો યુરિયાની ઉપયોગીતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતું.

ત્યારબાદ કાર્યક્રમના બીજા સેશનમાં ડો.આર.જી. મછાર, સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા કૃષિમાં હલકા ધાન્ય પાકોની અગત્યતા વિષે ખેડૂતોને સમજ આપેલ જયારે પ્રતિક દવે, જીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ દ્વારા કૃષિ લક્ષી સરકારઓની વિવિધ યોજનાઓ વિષે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમને આગળ ધપાવતા ડો.એચ.એલ. કાચા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, દાહોદ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની અગત્યતા અને પડતી મુશ્કેલીઓના નિવારણ અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જ્યારે એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) દ્વારા રવી રૂતુના પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી વિષે ખેડૂતોને માર્ગદર્શન આપેલ.

કાર્યક્રમમાં ઉપસ્થીત કુલ ૩૬૭ ખેડુત ભાઈઓ તેમજ મહિલા ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. વિશેષમાં દાહોદ જીલ્લાના પાંચ પ્રગતિશીલ ખેડૂતોને પણ સદર કાર્યક્રમમાં ભાગ લેવા નવી દિલ્હી ખાતે મોકલવામાં આવેલ.

આ કાર્યક્રમનુ સફળ સંચાલન ડો.જી.કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ), આર.બી. ભલાણી અને.કે.બી.ભારઈ દ્વારા કરવામાં આવેલ.

# ગોધરા તાલુકાના સાંપા ગામે ટ્રેકટર પલ્ટી જતાં ટ્રેકટર નીચે દબાયેલ બે ૧૨ વર્ષીય બાળકોના મોત

ગોધરા,

ગોધરા તાલુકાના સાંપા દેસાઈવાડા ફળીયામાં ટ્રેકટર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારીને ટ્રેક્ટર પલ્ટી ખવડાવી બે ૧૨ વર્ષીય બાળકો ટ્રેક્ટર નીચે દબાઈ જતાં મોત નિપજાવા પામ્યું. ટ્રેક્ટર ચાલક વાહન મુકી નાશી જતાં પોલીસ ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના સાંપા દેસાઈવાડા ફળીયામાં ટ્રેકટર નંબર જીજે.૨૩.બીએલ. ૪૮૧૪ના ચાલકે ટ્રેકટર પુરઝડપે હંકારતા હોય અને ટ્રેકટર પલ્ટી ખવડાવી દેતાં જયદેવસિંહ પારસિંહ પટેલ ઉ.વ.૧૨ અને પ્રકાશ હસમુખભાઈ બારીયા ઉ.વ.૧૨ ટ્રેકટર નીચે દબાઈ જતાં મોત નિપજાવા પામ્યું હતું. ટ્રેકટર નીચે દબાઈ જતાં મોત નિપજાવા પામ્યું. ટ્રેકટર નીચે બે માસુમ બાળકોના દબાઈ જવાથી મોત નિપજાતા ટ્રેકટર ચાલક સ્થળ ઉપર ટ્રેકટર છોડી નાશી છુટીયો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગરબાડાના જેસાવાડા ગામે ઘરમાં દિવાળી સફાઈ કરતાં દિવાલ પરથી પડેલ યુવતિનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે પોતાના મકાનમાં દિવાળીની સાફ સફાઈ કરતી એક ૧૬ વર્ષીય સગીરા અકસ્માતે દિવાલ પરથી પડી જતા તેણીનું મોત નીપજનું જાણવા મળે છે. ગતરોજ જેસાવાડા ગામે નિશાળ પાસે રહેતી ૧૬ વર્ષીય રિધ્ધીબેન જયેશભાઈ ચૌહાણ પોતાના વિસ્તારમાં આવેલ પોતાના જૂના મકાને ગઈ હતી અને ત્યાં દિવાળી આવતી હોય મકાનની સાફ–સફાઈ કરતા હતા તે સમયે સાફ–સફાઈ કરતી વેળાએ અકસ્માતે દિવાલ પરથી નીચે જમીન પર રિદ્ધિ બેન ભટકાતા તેઓને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે પરિવારજનોએ ગંભીર ઈજાગ્રસ્ત રિદ્ધિ બેનને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ દવાખાનાના તબીબોએ રિદ્ધિબેન ને મૃત જાહેર કરતા પરિવારજનોમાં આઘાત પ્રસરી જવા પામ્યો હતો. આ સંબંધે ગામમાં રહેતા દશરથભાઈ બાલુભાઈ ચૌહાણ એ જેસાવાડા પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગડો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના રાયણ ફ.અભલોડ ના વતની અને કોટ ફ. વિજાગઢ પ્રા.શાળાના મ. શિક્ષક જેમતીબેન ભાવસિંહ ભાભોર વય નિવૃત થતા શાળા પરિવાર દ્વારા વય નિવૃત્ત સન્માન સમારંભ

ગરબાડા,

ગરબાડા તાલુકાના રાયણ ફળિયા અભલોડ ના વતની અને કોર્ટ ફળિયા વિજાગઢ પ્રા.શાળાના શિક્ષક જેમતીબેન ભાવસિંહભાઈ ભાભોરનો આજરોજ નિવૃત્તિ સન્માન સમારોહ ગરબાડા મત વિસ્તારના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાના અધ્યક્ષ સ્થાને અને પ. પૂ. મહંત ૧૦૮ સુમરન દાસ સાહેબ કબીર મંદિર કેલીયા અને ભરસડાના અર્ધનારેશ્વર મહાદેવ મંદિરના સંત


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

કિરણપુરીના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મુવાલિયા બીટના બી. કે. નિ. સુરેશભાઈ બામણીયા, સી.આર.સી કો.ઓ. દિનેશભાઈ, શિક્ષક સોસાયટીના ચેરમેન લલ્લુભાઈ હઠીલા, ચિત્રકૂટ એવોડી કિરણસિંહ ચાવડા ગામના સરપંચ જાલુભાઈ પસાયા એસએમસી અદયક્ષ, સભ્યો, વાલીઓ ગ્રામજનો જેમતીબેનના સગા સંબંધીઓ વગેરે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જેમતીબેનનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય રમેશભાઈ દેસાઈ સૌને આવકાર્યા હતા તથા શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત થી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ઉપસ્થિત મહાનુભવોએ દીપ પ્રાગટ્ય થી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.